ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ ખાતે થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કૉલેજ દરવર્ષે વિદ્યાર્થીઓના હિતમાં અનેક પ્રવૃતિઓ કરે છે. જેમાં હિમોગ્લોબીન ટેસ્ટ તેમજ થેલેસેમિયા ટેસ્ટ જેવી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય ને ધ્યાનમાં રાખીને ઉપયોગી પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યવાહી માટે જીલ્લા તેમજ રાજ્ય ના યુનિટ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. થેલેસેમિયાનો ટેસ્ટ વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. કારણ કે આપણે જાણીએ છીએ. કે માઈનોર થેલેસેમિયા વાળી વ્યક્તિનું લગ્ન અન્ય માઈનોર થેલેસેમિયા ધરાવતી વ્યક્તિ સાથે થાય તો મેજર થેલેસેમિયા ની સંભાવના વાળું બાળક જન્મે છે.અને આવા બાળક ને નિયમિત રીતે રક્ત ની જરૂર પડે છે. તેમજ તેનું સ્વાથ્ય ને લગતા અનેક પ્રશ્નો ઉભા થાય છે. માટે વૈવાહિક જીવન પહેલા થેલેસેમિયા નો ટેસ્ટ જરૂરી છે. આ બાબત ની ગંભીરતા સમજી કોલેજ દરવર્ષે નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ નો ટેસ્ટ કરાવે છે. આ વખતે ફિલ્ડ ઓફિસર નિલેશભાઈ દ્વારા કોલેજ ને સહકાર આપવા માં આવ્યો હતો. તેમજ રીપોર્ટ આવ્યા બાદ તમામ વિદ્યાર્થીઓ માટે કોલેજ ખાતે કાઉન્સીલીંગ સેશન નું આયોજન કરવા માં આવશે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓ મેળવશે.

સમગ્ર કાર્યક્રમ પ્રવૃત્તિ કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ પ્રો.મેથ્યુ જોહન, પ્રો.જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



વ્યોમ નીતિરાજ ભારદ્વાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭



વિનીત પુનમભાઈ નાયી
મો. ૯૯૨૫૭ ૮૭૬૦૬



પ્રિયાંશી પરમાર
મો. ૯૬૮૭૩ ૧૪૪૦૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

# કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે શુભેચ્છા સમારોહ અને ગાયત્રી યજ્ઞનું આયોજન



ગાંધીનગર, તા.૫

અમારી શાળા શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય,કોલવડા, ખાતે તા.૦૨.૦૩.૨૦૧૯ ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ સાથે – સાથે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા મંડળના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી આજના ‘પંચકૂંડી યજ્ઞમાં ’ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવા પધાર્યા હતા. ગાંધીનગર સે-૨ ગાયત્રી મંદીરમાંથી ભાવિકો યજ્ઞ કરાવવા શાળામાં પધાર્યા હતા. ધો- ૧૦ અને ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ યજ્ઞમાં આહુતિ આપી પ્રભુના આશીર્વાદ મેળવ્યા હતા. શાળાના આચાર્યા મેડમશ્રી શ્રીમતી ભાવનાબા વાઘેલાએ વિદ્યાર્થીઓને ખૂબ – ખૂબ શુભેચ્છાઓ આપી હતી. અંતે તમામ વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવીને શુભેચ્છા સાથે વિદાય આપી હતી.

# ગાંધીનગર ઝોનની સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ડી.ડી. રોબોકોન-૨૦૧૯ના પ્રથમ સ્ટેજમાં સમગ્ર ભારતમાં પ્રથમ

ગાંધીનગર, તા.૫

ડી.ડી. રોબોકોન ૨૦૧૯ સ્પર્ધામાં ભારતની વિવિધ ટેકનીકલ સંસ્થાઓ જેવીકે આઈ.આઈ.ટી. મુંબઈ, પટના, કાનપુર, દિલ્હી, રુડકી,મંડી, વારાણસી તથા ગુજરાતની નામાંકિત કોલેજો જેવીકે એલ.ડી. એન્જીનિયરીંગ, નિરમા યુનિવર્સિટી, એસ. વી.એન. આઈ.ટી. સુરતે ભાગ લીધેલ.

૨૮ ફેબ્રુઆરી ના રોજ પ્રથમ સ્ટેજનું પરિણામ જાહેર થયું, તેમાં સમગ્ર ભારતમાં ૮૬ટીમોમાંથી ૫૧ ટીમ ફાઈનલ સ્ટેજ માટે પસંદગીપામેલ. આ ફાઈનલ ૫૧ સંસ્થાઓમાંથી ગાંધીનગરઝોનની એસ.પી.બી. પટેલ એન્જીનિયરીંગ કોલેજ, સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીએ “ડી.ડી. રોબોકોન ૨૦૧૯” સ્પર્ધામાં ૧૦૦ માંથી ૯૩ ગુણ પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવેલ છે.

કોલેજની આ રોબોકોન ટીમમાં વિવિધ વિદ્યાશાખાઓ જેવીકે આઈ.ટી., કમ્પ્યુટર અને મિકેનીકલ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ ઝળહળતી





સફળતા બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રિયેશભાઈ દલાલ, પ્રિન્સિપાલ તથા સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા અને અંતિમ સ્ટેજમાં પણ પ્રથમ ક્રમાંકે આવે એવી શુભેચ્છા પાઠવી હતી.

# ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા “આઉટરીચ કલ્ચરલ પ્રોગ્રામ” શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદનું સાંસ્કૃતિક એકમ ‘ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ’ અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિ નું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુ થી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પો ને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારો ને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારો ને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થા નો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા “આઉટરીચ કલ્ચરલ પ્રોગ્રામ” શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમ નું આયોજન “મહાશિવરાત્રી નૃત્ય અર્પણ” શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રીના પાવન અવસર પર ભગવાન શિવ ની આરાધના ના શુભ હેતુથી આ કાર્યક્રમ નું આયોજન ભવન્સ જે. એ. ઓડીટોરીયમ માં યોજાયું હતું. જેમાં સમૂહ ભરતનાટ્યમની પ્રસ્તુતી અમદાવાદનાં જાણીતા નૃત્યાંગના સુશ્રી રુચાબેન ભટ્ટ અને એમના શિષ્યો દ્વારા થશે તેમજ સુસુપ્રવા મિશ્રા ઓડીસી નૃત્યની પ્રસ્તુતી કરાઈ હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને ખ્યાલ સુશ્રી રુચાબેન અને તેમની સંસ્થા કલાનયમ નર્તન અકાદમી દ્વારા કરવામાં આવેલ છે. તારીખ૦૩. ૦૩. ૨૦૧૯, રવિવાર, સમય સાંજે ૭.૦૦ કલાકે ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક હતું.

# આર.સી. પટેલ હાઈસ્કૂલમાં આનંદ મેળાનું આયોજન થયું



ગાંધીનગર, તા. ૫

શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલ દ્વારા આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાનાં પ્રાંગણમાં આનંદ મેળો યોજાયો હતો. ધોરણ-૯ થી ૧૧ના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના શિક્ષકો તેજસભાઈ પટેલ, મહેશસિંહ વિહોલ અને સુરેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય વિનોદભાઈ પટેલે કાર્યક્રમને બીરદાવ્યો હતો.

# દર્દ જવું જ જોઈએ

પાંસળીનો દુખાવો નહોતો મટતો તેથી હું ગભરાયો. દવાના ઉપચારથી નહીં પણ ખોરાકના ફેરફારથી અને કંઈ બાહ્ય ઉપચારથી દર્દ જવું જ જોઈએ એટલું હું જાણતો હતો.

સને ૧૮૯૦માં અન્નાહારી અને ખોરાકના ફેરફારથી દર્દોનો ઈલાજ કરનાર દાક્તર ઍલિન્સનને હું મળ્યો હતો. તેમને મેં બોલાવ્યા. તે આવ્યા. તેમેને શરીર બતાવ્યું, ને દૂધના મારા વિરોધની વાત કરી. તેમણે મને તુરત દિલાસો દીધો, ને કહ્યું: ‘દૂધની કશી જરૂર નથી. ને મારે તો તમને થોડા દહાડા કશી જ ચરબી વિના જ રાખવા છે.‘ એમ કહી પ્રથમ તો મને કેવળ સૂકી રોટી અને કાચાં શાકો ઉપર ને ફળો ઉપર રહેવા કહ્યું. કાચાં શાકમાં મૂળા, પ્યાજ અને એવાં મૂળિયાં તથા લીલોતરી, અને મેવામાં મુખ્યત્વે નારંગી. શાકોને ખમણીને કે વાટીને ખાવાનાં હતાં. મેં આમ ત્રણેક દિવસ ચલાવ્યું, પણ કાચાં શાકો બહુ ફાવ્યાં નહીં. આ પ્રયોગને પૂરો ન્યાય આપી શકું એવું મારું શરીર નહોતું, ને એવી શ્રદ્ધા નહોતી. આ ઉપરાંત તેમણે ચોવીસે કલાક બારીઓ ખુલ્લી રાખવાનું. રોજ નવશેકે પાણીએ નાહવાનું, દુખતા ભાગ ઉપર તેલ ચોળવાનું અને પાથી અરધો કલાક ખુલ્લી હવામાં ફરવાનું સૂચવ્યું. આ બધું મને ગમ્યું. ઘરમાં તો ફ્રેન્ચ ઢબની બારીઓ હતી. તે આખી ઉઘાડવાથી વરસાદનું પાણી આવતું હતું. ઉપરનું અજવાળિયું ખુલ્લું કરાય તેમ નહોતું. તેથી તેને આખો કાચ ભંગાવીને ત્યાંથી ચોવીસે કલાક હવા આવવાની સગવડ કરી. ફ્રેન્ચ બારી વાછંટ ન આવે તેટલી ઉઘાડી રાખતો.

આ બધું કરવાથી તબિયત કંઈક સધરી. સાવ સારી તો ન જ થઈ. કોઈ કોઈ વાર લેડી સિસિલિયા રૉબટ્ર્સ મને જોવા આવતાં તેમનો પરિચય સારો હતો. તેમની મને દૂધ પિવડાવવાની પ્રબળ ઈચ્છા હતી. તે તો લઉં નહીં, એટલે દૂધના ગુણવાળા પદાર્થોની તેમણે શોધ ચલાવી. તેમના કોઈ મિત્રે તેમને ‘માલ્ટેડ મિલ્ક‘ બતાવ્યું, ને અણજાણપણે તેમણે કહ્યું કે એમાં દૂધનો સ્પર્શ સરખોયે નથી, પણ રસાયણી પ્રયોગથી બનાવેલી દૂધના ગુણવાળી ભૂકી છે. લેડી રૉબટ્ર્સને મારી ધર્મલાગણી તરફ બહુ આદર હતો એમ હું જાણી ગયો હતો. તેથી મેં તે ભૂકીને પાણીમાં મિલાવીને પીધી. મને તેમાં દૂધના જેવો જ સ્વાદ આવ્યો. પાણી પીધા પછી ઘર પૂછ્યા જેવું મેં કર્યું. બાટલી પરનો કાગળ વાંચતાં માલૂમ પડ્યું કે આ તો દૂધનો જ પદાર્થ છે. એટલે એક જ વાર પીધા પછી તેનો ત્યાગ કરવો પડ્યો. લેડી રૉબટ્ર્સને ખબર આપી મે જરાયે ચિંતા ન કરવાનું લખ્યું. તેઓ ઉતાવળાં ઉતાવળાં ઘેર આવ્યાં. પોતાની દિલગીરી જાહેરે કરી. તેમના મિત્રે બાટલી ઉપરનો કાગળ વાંચેલો જ નહીં. મેં આ ભલી બાઈને આશ્વાસન આપ્યું, ને તેમણે તસ્દી લઈ મેળવેલા પદાર્થનો ઉપયોગ મારાથી ન થાય તેની માફી માગી. અણજાણપણે મારાથી ભૂકી લેવાઈ તેને સારુ અને પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્તનું કારણ નથી એ પણ જણાવ્યું.





લેડી રૉબટ્ર્સની સાથેનાં બીજાં મધુર સ્મરણો છે તે હું મૂકી દેવા ઈચ્છું છું. એવાં સ્મરણો ઘણાં છે કે જેનો મહાન આશ્રય ઘણી વિપત્તિઓ ને વિરોધોમાં મને મળી શક્યો છે. શ્રદ્ધાળુ આવાં મીઠાં સ્મરણોમાં જુએ છે કે ઈશ્વર દ્:ખરૂપી કડવાં ઔશધો આપે છે તેની સાથે મૈત્રીનાં મીઠાં અનુપાનો પણ આપે જ છે.

દાક્તર ઍલિન્સને બીજી મુલાકાતે વધારે છૂટ મૂકી, અને ચરબીને સાં સૂકા મેવાનું એટલે મગફળી આદિ બીજોનું માખણ અથવા જીતુનનું તેલ લેવાનું કહ્યું. કાચાં શાકો ન ગમે તો તેને રાંધીને ચોખાની સાથે લેવા કહ્યું. આ સુધારો મને અનુકૂળ આવ્યો.

પણ દર્દ સાવ નાબૂદ ન થયું. સંભાળની જરૂર તો હતી જ. ખાટલો ન છોડી શક્યો. દાક્તર મહેતા વખતોવખત તપાસી જતા જ. ‘મારો ઈલાજ કરો તો હમણાં સાજા કરું.‘ એ તો હમેશાં એમના મોઢામાં હતું જ.

આમ ચાલયું હતું તેવામાં મિ. રૉબટ્ર્સ એક દહાડો આવી ચડ્યા, ને તેમણે મને દેશ જવાનો આગ્રહ કર્યો: ‘આ હાલતમાં તમે નેટલી કદી નહીં જઈ શકો. સખત ઠંડી તો હજુ હવે આવશે. મારો તો ખાસ આગ્રહ છે કે તમે હવે દેશ જાઓ અને ત્યાં સાજા થાઓ. ત્યાં લગી લડાઈ ચાલતી હશે તો મદદ કરવાના ઘણાયે પ્રસંગો તમને મળશે જ. નહીં તો તમે અહીં કર્યું છે તે ઓછું નથી માનતો.‘

મેં આ સલાહનો સ્વીકાર કર્યો ને દેશ જવાની તૈયારી કરી.

**‘સત્યના પ્રયોગો’માંથી સાભાર**

# આર.એન.લલીતકલા એકેડમી દ્વારા વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૧૯નું આયોજન





ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.એન. લલીતકલા એકેડમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૧૯નું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરુઆત કરતા પહેલા જમ્મુ કાશ્મીરમાં પુલવામામાં શહિદ થયેલા સીઆરપીએફના જવાનોને શ્રદ્ધાંજલીમાં બે મિનિટનું મૌન પાળ્યા બાદ કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ સંસ્થાના શેઠ શ્રી ખીમજી વિશારામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે તા. ૩જી માર્ચ, ૨૦૧૯ના રોજ રવિવારે ૨.૩૦ થી ૫.૩૦ સુધી ચાલ્યો હતો. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ મુજબ દીપ પ્રાગટ્ય કરી અનો આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ વાર્ષિકોત્સવ સંસ્થાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. જેમાં સોમાભાઈ સી. પટેલ કેમ્પસ ડાયરેકટર સર્વ વિદ્યાલય કેળવળી મંડળ, ગાંધીનગર, ડૉ. મીલી સિંગ પ્રિન્સિપાલ, એસ.જી. ઈંગ્લીશ મીડિયમ, નીવાબેન બી. પટેલ પ્રિન્સિપાલ જે.બી. પ્રા.શાળા, નીરુબેન પટેલ, પ્રિન્સિપાલ એમ.બી. પટેલ કન્યા પ્રા.શાળા, દશરથભાઈ કે. પટેલ પ્રિન્સિપાલ, આર.એન. પટેલ, સહ શિક્ષણ પ્રાથમિક શાળા, ડૉ. ચેતનાબેન બુચ, પ્રિન્સિપાલ, શેઠ સી.એમ. પટેલ સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલ તથા દિપાલીબેન જોશી, પ્રિન્સિપાલ એસ.કે. પટેલ પ્રિ. પ્રાયમરી સ્કૂલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ્સ, મેડલ્સ અને મોમેન્ટો અર્પાણ કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા દીનાબેન ડોડીયા વિવિધ કલાના કલાગુરુ તથા કોચ દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. ૧. કથક - રોશની બ્રહ્મભટ્ટ, ૨. ભરતનાટ્યમ્ - શંકુતલાબેન ઓઝા, અર્ચા બારોટ, ૩. વેસ્ટર્ન ડાન્સ - સંદીપ સોલંકી, ધરા પરીખ, આશિષ વસાવા અને સૌરભ પંડ્યા, ૪. સ્કેટીંગ - વસીમ મનસુરી અને મનોજ પરમાર, ૫. કરાટે - સુરેશ પરમાર અને મનીષ રાજભોઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૫ જેટલી કૃતિઓની સુંદર રીતે રજૂઆત કરવામાં આવી હતી.

આ રંગારંગ કાર્યક્રમમાં ભગીની સંસ્થાન આચાર્યો, આમંત્રિતો, મહેમાનો, વાલીઓ તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવી માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અનીતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.